
# આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૮

રાજ્યભરમાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં સર્જાયેલું હળવું દબાણ મધ્ય ગુજરાતથી રાજ્યભરમાં પ્રસરતાં આ આગાહી કરાઈ છે, જેના પગલે રાજ્ય સરકારે પણ તાકીદનાં પગલાં લીધાં છે.

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાોગમાં મધ્યમથીભારે વરસાદ યથાવતરીતે જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાત ડાંગ, નર્મદા, વલસાડ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. ભારે વરસાદના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બીજી બાજુ સામાન્ય લોકોમાં વરસાદને લઈને ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારો, સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડ્યા છે. જો કે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પણ થયો છે. ખેડામાં સાર્વત્રિક વરસાદના કારણે ચારેબાજુ પાણી ભરાયા હતા. આવી જ રીતે નડિયાદ શહેર અને ગ્રામ્ય, પાટણ, આણંદ, છોટાઉદેપુરના બોડેલીમાં પણ મધ્યમથી ભારે વરસાદી ઝાપટા પડ્યા છે. વરસાદી માહોલ છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અકબંધ રહ્યો છે. રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીના પગલે સરકાર અને વહીવટી તંત્ર દ્વારા એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. ખાસ કરીને રાજયના તમામ જિલ્લાઓમાં અધિકારીઓને હેડક્વાર્ટર નહી છોડવા આદેશ આપવામાં આવ્યા છે. રાજ્યોના કલેકટરોએ પરિપત્ર જાહેર કરીને તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજા કેન્સલ કરી દીધી છે. રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર દ્વારા ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં એનડીઆરએફની ૨૭થી વધુ જુદી જુદી ટીમો તૈનાત કરી દેવાઈ છે. આ સિવાય રાહત અને બચાવની તમામ આગોતરી તૈયારીઓ અને વ્યવસ્થા પણ તૈયાર રખાઈ છે.



**સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ : ઉત્તર ગુજરાતમાં વરસાદના હળવા ઝાપટા : અતિ ભારે વરસાદની આગાહીને લઈ એનડીઆરએફ ટીમો ગોઠવાઈ**

ખાસ કરીને, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને મહેસાણાના કેટલાક વિસ્તારોમાં આગામી ૪૮ કલાકમાં ભારે પવન સાથે ભારે વરસાદ પડી શકે તેવી શક્યતા છે. જેના કારણે જિલ્લામાં એનડીઆરએફની ટીમ તૈનાત કરાઈ છે. ૨૭ સભ્યોની એનડીઆરએફની ટીમ બચાવ સાધન સામગ્રી સાથે સજ્જ બની છે. ભારે વરસાદની આગાહીને પગલે બચાવ કામગીરી ઝડપી થઈ શકે તે માટે એનડીઆરએફની ટીમ હાલ બનાસકાંઠા સ્ટેન્ડ બાય રખાઈ છે. દરમ્યાન હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૪ કલાક બાદ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. ગુજરાતને અસર કરે તે પ્રકારની સર્જાયેલી બે સિસ્ટમને કારણે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહિસાગર ઉપરાંત અમદાવાદ, ગાંધીનગરમાં પણ ખુબ જ સારો વરસાદ થશે. જ્યારે તા.૩૦ જૂલાઈની આસપાસ વરસાદી સિસ્ટમ કચ્છ તરફ આગળ વધતા મોરબી, જામનગરમાં વરસાદની સંભાવના છે. જેથી કુલ મળીને આગામી પાંચ દિવસમાં વરસાદની સંભાવના છે. ઉત્તરગુજરાત, સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં એનડીઆરએફની ત્રણ-ત્રણ ટીમ તૈનાત રાખવામાં આવી છે. દાહોદ ખાતે પણ એનડીઆરએફની ૧ ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. વલસાડ, નવસારી અને સુરતમાં પણ એનડીઆરએફની ૧-૧ ટીમ તૈનાત કરી દેવાઈ છે. આ સિવાય રાજકોટ, ગીર સોમનાથ અને કચ્છમાં એનડીઆરએફની ૧-૧ ટીમ જ્યારે ઉ. ગુજરાતના પાટણ, બનાસકાંઠા અને અરવલ્લીમાં એનડીઆરએફની ૧-૧ ટીમ તૈનાત કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, રાજકોટમાં કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. અધિકારીઓ-કર્મચારીઓને તા.૨૯ જુલાઈ સુધી હેડક્વાર્ટર નહી છોડવા આદેશ જારી કરાયા છે. રાજ્યમાં ભારે લો પ્રેશર અને સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે હવાનું સર્ક્યુલેશન સર્જાયું છે, જેના કારણે ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આગામી ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ હોઈ સરકાર અને તંત્ર હાલ તો હાઈએલર્ટ પર છે અને રાહત અને બચાવ ટીમો પણ સ્ટેન્ડ ટુ રખાઈ છે.

## નર્મદાની જળ સપાટી ઘટીને ૧૨૧.૭૫ મીટર જેટલી થઈ



અમદાવાદ, તા. ૨૮

ઉપરવાસમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદના પરિણામ સ્વરુપે નર્મદાની જળ સપાટી વધી રહી હતી પરંતુ હવે ઉપરવાસમાં પાણીની આવક ઘટી જતાં નર્મદાની જળ સપાટીમાં પણ ઘટાડો થયો છે. નર્મદાની જળ સપાટી હવે ૧૨૧.૭૫ મીટર ઉપર પહોંચી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકના ગાળામાં નર્મદાની જળ સપાટી નવ સેન્ટીમીટર ઘટી ગઈ છે. નર્મદામાં નીર આવક ઘટી જતાં આની ચર્ચા આજે દિવસ દરમિયાન જોવા મળી હતી. હાલમાં ઉપરવાસમાં વરસાદના લીધે પાણીની સપાટી સતત વધી રહી છે.

નર્મદા નીરની સપાટી આંશિક ઘટી હોવા છતાં હજુ પણ પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ રહેલો છે. નર્મદા બંધમાં પાણીની આવક અને જાવકને લઈને સત્તાવારરીતે આંકડા જારી કરવામાં આવે છે. આજે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં નર્મદાની જળ સપાટી આંશિકરીતે ઘટી છે પરંતુ ઉપરવાસમાં વરસાદથી સપાટીમાં ફરીવાર ટૂંકમાં જ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

## સોમનાથ મંદિરનાં ૧૫૦૦ કળશ સોને મઢાશે

અમદાવાદ, તા.૨૮

સોમનાથ મંદિરના કળશ આગામી સમયમાં સોનાથી મઢવામાં આવે એવું આયોજન ચાલી રહ્યું છે. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી (સેક્રેટરી) પી. કે. લહેરીએ ટ્રસ્ટની કામગીરી વિશે જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરનાં ઘુમ્મટ પર ૧૫૦૦ કળશ છે. આ કળશને સોનેથી મઢવા માટેનાં આયોજન ચાલી રહ્યું છે અને આગામી દિવસોમાં દાતાઓની મદદથી આ ભગીરથ આયોજન પરિપૂર્ણ કરવામાં આવશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ૨૨૦૦થી ૨૫૦૦ યાત્રિકો માટે રહેવા અને જમવાની સુવિધા આપવા સક્ષમ છે. ટ્રસ્ટ દ્વારા વેરાવળની આજુબાજુના ૧૧ ગામોમાં ૧૦૦ના ટોકન દરે બીમાર ગાયોની સારવાર કરાય છે. સોમનાથ ખાતે યોજાયેલા ગૌસેવા સંવર્ધન પરિસંવાદ તથા ગૌવંશ તંદુરસ્તી હરીફાઈના શુભારંભ પ્રસંગે આપેલા વક્તવ્યમાં તેમણે આ માહિતી આપતાં જણાવ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલા કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી પરસોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર



ખેડૂતોની જેમ જ સાગરખેડૂ અને પશુપાલકોને પણ શૂન્ય ટકાનાં વ્યાજે ત્રણ લાખની મર્યાદામાં લોન આપશે. પશુમાંથી રોગ નાબુદ કરવા માટે ભારત સરકાર કટિબદ્ધ છે. આ માટે કલ્યાણકારી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકાશે. ભારત સરકારે ડેરીના વિકાસ અને રીનોવેશન માટે રૂ.૬ હજાર કરોડની ફાળવણી કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય માત્ર ખેતી ક્ષેત્ર પૂરતું સિમીત નથી. પશુપાલન અને મધની ખેતીને પણ પ્રાધાન્ય આપી ખેડૂતોની આવક બમણી કરાશે. બીજા રાજયોની દેશી ગાયોની ઓળખ માટે પણ ભારત સરકારે આયોજન કર્યું છે. પ્રજાજનો ગાય આધારિત બનતી ચીજ-વસ્તુનો ઉપયોગ વધુમાં વધુ કરે તો આપો આપ તેની માંગ વધશે. હરી અને હરની ભૂમિમાં આગામી દિવસોમાં મધ ક્ષેત્રે ખેતી કરવા લોકોને પ્રોત્સાહન આપવા સોમનાથ ટ્રસ્ટને અનુરોધ કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટનાં સલાહકાર યશોદર ભટ્ટ, વેકરીયાએ પણ વક્તવ્યો આપ્યા હતા. ગૌસેવા સંવર્ધન પરિસંવાદ તથા ગૌવંશ તંદુરસ્તી હરીફાઈમાં સહભાગી થનારને સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમમાં રાજકોટના બાબુભાઈ બગડાઈ દ્વારા સોમનાથ ગૌશાળાને રૂા. ૫૧ હજારનું અનુદાન આપવામા આવ્યું હતું. સોમનાથ ખાતે આજે તા. ૨૮ જુલાઈના રોજ ગૌવંશ તંદુરસ્તી હરીફાઈ યોજાઈ હતી. જેમાં વિજેતા ગીરગાયનાં માલિકોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય કામધેનુ ગૌસેવા આયોગનાં ચેરમેન ડો. વલ્લભભાઈ કથિરીયાએ જણાવ્યું હતું કે, ગાયનું છાણ તાજું હોય ત્યારે તેમાં ૨૪ ટકા અને સૂકાય ત્યારે તેમાં ૩૪ ટકા ઓક્સિજન હોય છે. ગાયનો લઈ કેન્દ્રના પ્રયાસો પ્રશંસનીય છે.

### નવી પેઢી આધુનિક પદ્ધતિથી.... (આઠમા પાનાનું અનુ.)

સમૃદ્ધ થશે તો ગામડા તૂટતાં બચશે. નવી પેઢીએ ખેતીથી વિમુખ થવાની જરૂર નથી આધુનિક ખેતી પદ્ધતિઓથી ખેતીને સમૃદ્ધ કરે. ખેતી સમૃદ્ધ થશે તો ખેડૂત અને ગામ સમૃદ્ધ થશે અને તેના થકી અર્થતંત્ર મજબુત થશે. મુખ્મંત્રીએ જણાવ્યુ હતુ કે ઈઝરાયેલી પદ્ધતિથી ખારેકના પ્રયોગ બાદ હવે સફરજનની ખેતી માટે આગળ ધપી રહ્યા છો તે જાણી અત્યંત ખુશી થઈ છે. જિલ્લામાં સફરજનનો પ્રયોગ સફળ થશે ત્યારે કેટલો આનંદ થશે તેની અનુભૂતિ મને આજે થાય છે.

વિજયભાઈ રૂપાણી સસ્ટેનેબલ એગ્રીકલ્ચર પ્રોજેક્ટ અન્વયે ક્રોપ પ્રોટક્શનનો પાયલોટ પ્રોજેક્ટ આ કિસાનોએ અપનાવીને પેસ્ટિસાઈડ્ઝના ખાલી કન્ટેનર્સ એકત્ર કરી તે પુનઃ વપરાશ માટે સંબંધિતોને આપી દેવાનો જે રાહ અપનાવ્યો છે તેનાથી પણ પ્રભાવિત થયા હતા.

તેમણે અહીં સો ટકા સૂક્ષ્મ પિયત પદ્ધતિએ થઈ રહેલી ખેતી માટે અભિનંદન પાઠવતા ઉમેર્યુ કે, હવે વરસાદની અનિયમિતતાના વાતાવરણમાં ઓછા પાણીએ મહત્તમ ખેતી માટે ટપક અને સૂક્ષ્મ પિયત શ્રેષ્ઠ વિકલ્પ છે. મુખ્યમંત્રીએ ઈઝરાયલના પોતાના પ્રવાસ દરમિયાન મેળવેલી વિગતો વર્ણવતા કહ્યું કે, ઈઝરાયેલમાં પાણીની તીવ્ર અછત વચ્ચે પણ સ્પ્રીન્કલર પદ્ધતિ અને ખારા પાણીને મીઠા બનાવી તેનો પીવામાં સિંચાઈમાં ઉપયોગ કરી ઈઝરાયેલ કૃષિ ક્રાંતિનું ઉદીપક બન્યું છે. વિજયભાઈ રૂપાણીએ આ પદ્ધતિઓનો વિનિયોગ રાજ્યના કિસાનોના વ્યાપક હિતમાં કરવાની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરી હતી. તેમણે રાજ્યમાં જેટલા ડિસેલીનેશન પ્લાન્ટસ સ્થાપી દરિયાના ખારા પાણી મીઠા કરવાના પ્રોજેક્ટ્સની વિગતો પણ આપી હતી.

મુખ્યમંત્રીના ગ્રામજનો સાથેના સંવાદ અને કૃષિકારોની મુલાકાત દરમિયાન ધારાસભ્ય શંભુજી ઠાકોર, કૃષિના અધિક મુખ્ય સચિવ સંજય પ્રસાદ, ખેતી નિયામક ભરતભાઈ મોદી, જીલ્લા સમાહર્તા લાંગા રાવલ તથા બાગાયાત નિયામક વઘાસિયા, જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

વાંચવુંજ નહી, મમળાવવુંપણ અનિવાર્યછે. મોદી-શાહની સેનાના આક્રમણ સામે ટકવુંરાહુલબાબા માટે મુશ્કેલ થાય એટલી હદે વાકપ્રહારો કરવાની વ્યૂહરચના સામેવાળી સેનાને પણ વેરવિખેર કરતી રહી છે. રાહુલની કૉંગ્રેસ ચૂંટણી લડતી નથી,પણ એ ચૂંટણીને આઉટસોર્સ કરી રહ્યાની વાતનો ગોકીરો મચાવે છે. મોદી-શાહના સ્પર્શનો પારસમણિ સહયાત્રી બનનારાઓનાં પાપ ધોવાની જડીબુટ્ટી બની રહે છે. મોદીના વિચારને શાહ સાકાર કરવાનું કામ કરે છે.મહાત્મા ગાંધીના વિચારને ક્યારેક સરદાર પટેલ સાકાર કરતા એવું જ કંઈક. જોકે બંને સમયગાળાના મહારથીઓની તુલના કરવી અશક્ય હોવા છતાં યુગ બદલાતાં મૂલ્યો પણ બદલાય છે એ વાતને સ્વીકારવી પડે. અમિત શાહ માત્ર નરેન્દ્ર મોદીનો પડછાયો નથી પરંતુ એમનું આગવું વ્યક્તિત્વ પણ છે, એ વાત સ્વજનો થકી લખાયેલી છતાં આત્યંતિક યશગાથામાં સરી જવાના દોષથી મુક્ત એવી આ જીવનીમાં અનુભવાય છે. જોકે શાહની રાજકીય સફરનાં ૨૦૧૪થી ૨૦૧૮ લગીના માત્ર ચાર વર્ષના સમયગાળામાં ભાજપના અશ્વમેધનો જ સવિશેષ પરિચય અહીં મળે છે. એટલે એમના બહુઆયામી વ્યક્તિત્વની તટસ્થ છણાવટ માટે બિન-લાભાર્થી લેખક-સંશોધક થકી પૂર્ણજીવનકથા લખાય અને નીરક્ષીર થાય એની પ્રતીક્ષા જરૂર રહે છે.

- haridesai@gmail.com

## ગાંધીનગરમાં વાયુદળ દ્વારા કારગિલ વિજય દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૮

કારગિલ વિજય દિવસની ૨૦મી વર્ષગાંઠની ઉજવણી કરવા વાયુદળનાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક)એ વાયુસેના નગર, વાયુદળ, ગાંધીનગર ખાતે શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે. આ દિવસ રાષ્ટ્ર માટે ગર્વનો દિવસ છે અને શહીદોને યાદ કરવાનો દિવસ છે, તેમનાં ત્યાગની ભાવના પ્રત્યે આદર કરવાનો છે અને દેશનાં રક્ષણ માટે કટિબદ્ધતાને મજબૂત કરવાનો દિવસ છે. ભારતીય વાયુદળને એનાં દેશવાસીઓ પાસેથી તાકાત અને પ્રેરણા મળે છે.

આ ઉજવણીનો ઉદ્દેશ વાયુદળનાં જાંબાઝ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવાનો અને યુવા પેઢી વચ્ચે રાષ્ટ્રવાદીની ભાવના જગાવવાનો છે. એમાં નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી, જેથી કારગિલ વિજય દિવસની ઉજવણી થાય અને વધુને વધુ લોકો સુધી પહોંચી શકાય. એક ૨૮ કિલોમીટરનાં સાયકલ અભિયાનને એર માર્શલ એચ. એસ. અરોરા, એવીએસએમ, એડીસી, એઓસી-ઈન-સી હેડક્વાર્ટર સ્વાકે લીલી ઝંડી આપી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક લોકો વચ્ચે રાષ્ટ્રવાદની ભાવના ફેલાવવાનો છે. સાંજે સ્પેશ્યલ ફોર્સીસે ધીમે ધીમે ઉડતાં હેલિકોપ્ટરનું પ્રદર્શન કર્યું હતું, જેમાં યુદ્ધમાં હુમલો કરવાની વિવિધ પેટર્ન દેખાડી હતી. એર માર્શલ એચ એસ અરોરા એવીએસએમ એડીસી એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ હેડક્વાર્ટર સ્વાક અને શ્રીમતી બલજીત અરોરા, પ્રેસિડન્ટ, એર ફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (રિજનલ)એ તમામ સંગિનીઓ સાથે મોખરે રહીને વાયુદળનાં સૈનિકો અને તેમનાં પરિવારજનો સાથે કેન્ડલ લાઈટ માર્ચ કરી હતી, જેનું આયોજન સ્વાકનાં હેડક્વાર્ટર એરિયામાં થયું હતું. એર માર્શલ એચ એસ અરોરા એવીએસએમ એડીસી એઓસી-ઈન-સી હેડક્વાર્ટર સ્વાકે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણાં શહીદોને યાદ કરીને, તેમનાં ત્યાગ અને બલિદાનની ભાવનાને બિરદાવીને તથા આપણી અંદર ગર્વ અને સન્માનની ભાવના જગાવીને આપણને કારગિલમાં વિજયની ઉજવણી કરવાની ખુશી છે અને આપણે તિરંગાની આન, બાન અને શાનનું રક્ષણ કરવા આપણી દ્રઢતાનો પુનરોચ્ચાર કરીએ છીએ.

### ... શાંતિભાઈએ કહ્યું (આઠમા પાનાનું અનુ.)

હતો. ટીસ્યુ કલ્ચરથી પરવરની ખેતીની વાત પણ તેમણે કહી હતી.

મુખ્યમંત્રીએ આ પરિવારોની મુલાકાત લઈ તેમના સામુહિક ખેતી પ્રયોગને બિરદાવ્યો હતો. શાંતિભાઈએ મગફળી-બટાટાના પાકમાં વેલ્યુ મેડીશન અને સો ટકા કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી તેમને બધાને બહુધા લાભ થયો હોવાનું જણાવ્યુ હતુ તેમજ બટાટાની વેફર્સ અને અન્ય ઉત્પાદનો પણ તેઓ વેચી અને આવક મેળવી રહ્યાનું જણાવ્યુ હતુ.

## સિંહે આઠ ફુટ ઉંચી દિવાલ કૂદી પાડાનું મારણ કર્યું

### વનવિભાગના અધિકારીઓએ પેટ્રોલીંગ વધાર્યું

અમદાવાદ, તા.૨૮

અમરેલીના ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે ગઈકાલે એક સિંહ અનામત જંગલ વિડી છોડી મારણ અને પાણીની શોધમાં વહેલી સવારે ગામમાં આવી એક ગ્રામજનના આંગણામાં બહાર ખુલ્લામાં બાંધેલી ભેંસના પાડાનો અવાજ સાંભળી આઠ ફુટ ઉંચી દિવાલ કૂદીને સિંહ પાડાનું મારણ કર્યુ હતું. પાડાની ચીસો સાંભળી ઘરના માલિકે ત્યાં દોડી આવી બૂમો પાડી અને હાકલા પડકારા કરતાં સિંહ દિવાલ કૂદીને ભાગી ગયો હતો. જો કે, સ્થાનિક ગ્રામજનોની વસ્તી સુધી સિંહ આવી પહોંચતા સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. આ ઘટના અંગે સ્થાનિક વનવિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવતાં તેમણે પણ આ વિસ્તારમાં ભારે સતર્કતા અને પેટ્રોલીગ વધારી દીધા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ખાંભા તાલુકાના ત્રાકુડા ગામમાં ગઈકાલે એક ભૂખ્યો સિંહ મારણ અને પાણીની શોધમાં ગામની માનવ વસાહતમાં આવી ચડ્યો હતો. જ્યારે સિંહ શેરીઓ, ગલીઓમાં મારણ માટે આંટાફેરા કરતો હતો ત્યારે વિનુભાઈ બાલુભાઈ કલસરિયાના ઘરની બાજુમાંથી પસાર થયો હતો. ત્યારે ઘરના આંગણામાં બહાર ખુલ્લામાં બાંધેલા ભેંસના પાડાનો અવાજ સાંભળી જતાં સિંહે ઘરની આઠ ફૂટની દીવાલ કૂદી પાડાનું મારણ કરી નાખ્યું હતું. પાડાની મરણચીંસ સાંભળી ઘરના તમામ સભ્યો જાગીને ઘરની બહાર દોડી આવ્યા હતા અને જોયું તો સિંહ પાડાની માથે ચડી બેઠો હતો. બધા સભ્યોએ એકસાથે હાકલા પડકારા કરતા સિંહ જે દીવાલ કૂદી ઘરમાં ઘૂસ્યો હતો તે દીવાલ કૂદી મારણ મૂકી ભાગ્યો હતો. બાદમાં વનવિભાગના રેસ્કયુ ટીમના સાહિદખાન પઠાણને જાણ થતાં તેઓ દોડી આવ્યા હતા અને મારણને ઘરની બહાર સહી સલામત અનમાત જંગલમાં મૂકી આવ્યા હતા. સાથે સાથે આ પ્રકારની અન્ય કોઈ ઘટના ના ઘટે તે માટે વનવિભાગના અધિકારીઓએ સમગ્ર વિસ્તારમાં પેટ્રોલીંગ અને સતર્કતા વધારી દીધા હતા.

